## ગૃહ વિજ્ઞાનના વિભાગની વિશેષતાઓ



ગુણવત્તાયુક્ત શિક્ષણ

સ્માર્ટ બોર્ડ, ICT સુવિધા અને Wi-Fi
ઉપલબ્ધતાવાળા વર્ગખંડ





ઉપકરણોથી સુસજ્જ પ્રયોગશાળાઓ

સુસજ્જ આહાર પ્રયોગશાળા
(Food Laboratory)






સેમિનાર, ક્ષેત્રીય તાલીમ અને
ઈન્ટર્નશીપ દ્વારા વ્યક્તિત્વ વિકાસ

સંશોધન અને પ્રોજેક્ટ
આધારિત શિક્ષણ





જાહેર આરોગ્ય અને પોષણ સાથે સંકળાયેલ
સંસ્થાઓ જેવી કે આંગણવાડી, પ્રાથમિક
આરોગ્ય કેન્દ્રો અને સમુદાયની મુલાકાતો
દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક સંવેદનોનો વિકાસ

- સમૃદ્ધ લાઈબ્રેરી , કમ્પ્યૂટર લેબની સુવિધા
- રાજ્ય સરકારનાં ધારા ધોરણો અનુસાર
  SC, ST, OBC ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ
- NET, GSET જેવી ઉચ્ચ પદવી માટે સંપૂર્ણ માર્ગદર્શન

## અભ્યાસક્રમની માહિતી

| અભ્યાસક્રમ | પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાત | સમયગાળો | અભ્યાસ ફી | |
|---|---|---|---|---|
| | | | ભાઈઓ | બહેનો |
| **M.Sc. in Foods and Nutrition** | B.Sc. FN<br>Clinical Nutrition & Dietetics<br>B.Sc. Home Science<br>B. A. Home Science<br>B. R. S. Home Science | ૨ વર્ષ | ૫૦૦૦/- | ૪૦૫૦/- |
| **P.G.Diploma in Nutrition and Dietetics (PGDND** | B.Sc. FN and its Equivalent/ M.Sc. FN/ B. Voc. in Food Processing & Technology/ B.Sc. Microbiology/ B.Sc. Nursing/ Bachelor Degree in Physiotherapy | ૧ વર્ષ | ૫૦૦૦/- | ૪૦૫૦/- |
| **Ph.D. (Home Science)** | Master Degree in Home Science/ GSET / NET in home science | ૩ વર્ષ | ૧૦૦૦૦/- | ૭૫૦૦/- |

**પ્રવેશ અને અન્ય વિગત માટે યુનિવર્સિટીની વેબસાઈટ**
**www.cugujarat.ac.in ની મુલાકાત લેવા વિનંતી છે.**

## :: અધ્યાપકગણ ::

M.Sc (DFSM), GSET (Home Science)
P.G. Diploma in Dietetics
Ph.D. (Pursuing)

શૈક્ષણિક કાર્યનો અનુભવ : ૫.૫ વર્ષ

પબ્લિક ન્યુટ્રિશન, ડાયટેટિક્સ અને
સંશોધન ક્ષેત્રે કાર્યરત

સંપર્ક : ૬૩૫૪૧ ૯૩૪૦૯
૯૫૩૭૧ ૦૧૧૦૮



**ક્રિષ્ના ડી. ઠક્કર**
અધ્યક્ષ (i/c) અને
આસિસ્ટન્ટ પ્રોફેસર
ગૃહ વિજ્ઞાન વિભાગ

M.Sc Home science
(Human Development)
Ph.D. (Home Science)

શૈક્ષણિક કાર્યનો અનુભવ : ૧૪ વર્ષ

બાળવિકાસ ક્ષેત્રે કાર્યરત

સંપર્ક : ૯૪૨૯૪ ૫૨૩૧૫



**ડૉ. નીતા પી. ચૌધરી**
આસિસ્ટન્ટ પ્રોફેસર
ગૃહ વિજ્ઞાન વિભાગ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

# ગૃહ વિજ્ઞાન વિભાગ

તેજસ્વી બાળક : તેજસ્વી ભારત

**પ્રત્યેક બાળક મહત્ત્વનું છે**





:: સંપર્ક ::
ગૃહ વિજ્ઞાન વિભાગ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ નજીક,
સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧
ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯
વેબસાઈટ : www.cugujarat.ac.in
ઈમેઈલ : vccu.gujarat@gmail.com

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વિશે :

અજન્મા શિશુથી ૧૮ વર્ષ સુધીના તરુણના વિકાસનું લક્ષ્ય સેવતી ગાંધીનગર સ્થિત આ યુનિવર્સિટી દેશ અને દુનિયાની એક અજોડ યુનિવર્સિટી છે. આપણા પરમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યરત હતા ત્યારે તેમના મનમાં એક અદ્ભુત મંત્રનો આવિર્ભાવ થયો- **Every Child Matters** : પ્રત્યેક બાળક મહત્ત્વનું છે. આ મંત્રનો વિસ્તાર યુનિવર્સિટીના 'દર્શન'માં પરિણમ્યો. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં : "બાળકનો ઉછેર એવી હૂંફ  અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક,માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે." આ મંત્ર અને દર્શનને વ્યાવહારિક પૃષ્ઠભૂમિ પર લાવવા ગુજરાતમાં દિનાંક ૩૧ જુલાઈ, ૨૦૦૯ના રોજ એક તંત્રની સ્થાપના થઈ, જેનું નામ છે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી.

વર્તમાનમાં યુનિવર્સિટી દ્વારા કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહના સબળ નેતૃત્વ માં 'તપોવન કેન્દ્ર', 'શિશુ પરામર્શન કેન્દ્ર', વિદ્યાનિકેતન જેવા અનેકવિધ પ્રકલ્પો પર કાર્ય થઈ રહ્યું છે. બાળવિકાસને લગતા શિક્ષણ,પ્રશિક્ષણ,સંશોધન અને વિસ્તરણ એમ ચારેય આયાઓમાં સમગ્રતાથી યુનિવર્સિટી કામ કરે છે, જે ગર્ભાધાન સંસ્કાર-પ્રક્રિયાથી શરૂ કરી ઉત્તમ સંતતિનું આવાહન અને અવતરણ કરવાની દિશા ચીંધે છે અને પ્રત્યેક  બાળકને ઉત્તમ મનુષ્યના રૂપમાં સમાજને ચરણે ધરવાનું સ્વપ્ન સેવે છે.

કેટલાક યુનિવર્સિટીમાં ઉચ્ચસ્તરીય અભ્યાસક્રમો ચાલી રહ્યા છે, જેમાં મનોવિજ્ઞાન, સમાજકાર્ય, આહાર અને પોષણ, ગુજરાતી, સંસ્કૃત જેવા વિષયોના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ભણાવાય છે. ગૃહ વિજ્ઞાન અને અન્ય વિષયોમાં  Ph.D. નું કાર્ય પણ ચાલે છે.

## ગૃહ વિજ્ઞાન વિભાગ વિશે :

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરનો ગૃહવિજ્ઞાન વિભાગ યુનિવર્સિટીના વિઝન—મિશનને પ્રતિબિંબિત કરતો અને તેની સિદ્ધિ માટે કાર્યરત એવો એક મહત્ત્વનો એકમ છે. યુનિવર્સિટી ખાતે ગૃહવિજ્ઞાન વિભાગ વર્ષ ૨૦૧૮થી કાર્યરત છે. હાલ ગૃહવિજ્ઞાન વિભાગ દ્વારા આહાર અને પોષણ વિષયમાં અનુસ્નાતક **M.Sc. in Foods and Nutrition, PG Diploma in Nutrition and Dietetics** અને **Ph.D. (Home Sciece)**નો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમોનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આહાર અને પોષણ સંબંધિત વિષયોમાં શ્રેષ્ઠ શિક્ષણ અને સંશોધન તેમજ ક્ષેત્રીય અનુભવો પૂરા પાડી વિદ્યાર્થીઓને આહાર અને પોષણ સંભાળના નિપુણ વ્યવસાયી તરીકે તૈયાર કરવાનો છે.






## અભ્યાસ બાદ કારકિર્દીની તકો :

- સરકારી અને બિનસરકારી આરોગ્ય સંસ્થાઓમાં ડાયટિશ્યન-ન્યુટ્રિશનિસ્ટ તરીકે
- મહિલા અને બાળ સ્વાસ્થ્ય —પોષણ સંબંધિત સરકારી એકમોમાં પ્રોજેક્ટ ઓફિસર, **CDPO**, ન્યુટ્રિશન કન્સલ્ટન્ટ, પ્રોગ્રામ અસોશિએયેટ ન્યુટ્રિશન, ન્યુટ્રિશનલ આસિસ્ટન્ટ, સુપરવાઈઝર તરીકે
- શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં વ્યાખ્યાતા કે સંશોધક તરીકે
- હેલ્થ અને ફિટનેસ જેવા ખાનગી ક્ષેત્રોમાં  સ્વતંત્ર વ્યવસાયી તરીકે



